MGVCL
An ISO 9001:2008 Certified Company

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. III-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી પ્રવીણભાઈ હીરાભાઇ પરમાર,
બંગલા ન;.૧૮,શિવમ ગૌતમનગર બાપા સ્વામીનારાયણ મંદિર પાસે,
મુ.પો.તા.ગોધરા,જી.પંચમહાલ

રજુઆત કરનાર: અરજદાર: શ્રી પ્રવીણભાઈ હીરાભાઇ પરમાર,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
ગોધરા ઇસ્ટ.

રજુઆત કરનાર: શ્રી જી.જે.બામણીયા, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, ગોધરા ઇસ્ટ.

ફરિયાદીની તા ૩૧.૧.૨૦૧૫ ના રોજ શ્રી આદર્શ ઘર બાંધનારી સહકારી મંડળી, ગોધરા, કસ્બા રે.સ.નં.૧૪૦/૧૦/૨ પૈકી ૨ ની ઉપર બાંધવામાં આવેલ મકાનોમાં આપવામાં આવેલ વીજ કનેકશન રદ કરવાની અરજી.

તા ૩૧.૧.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી જેમા ફરિયાદી તરફે તેઓ જાતે તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી જી.જે.બામણીયા,( નાયબ ઇજનેર, ગોધરા ઇસ્ટ) એ ફોરમ સમક્ષ હાજર રહી રજુઆત કરી. .

ફરિયાદીની ફરીયાદ ની ટુંકમાં વિગત એવી છે કેઃ

"ધી આદર્શ ઘરો બાંધનારી સહકારી મંડળી" મુ.કસ્બા, રે.સ.નં.૧૪૦/૧૦/૨ પૈકી ૨ વાળી જમીન જે ભુરાવાવ વિસ્તારમાં રેલવે ઓવરબ્રીજ ની બાજુમાં આવેલી છે જેના ફરીયાદી તેમજ બીજા સભ્યો છે. આ મંડળી "ધી આર્દશ ઘરો બાંધનારી સહકારી મંડળી" જેને હવે પછી ટુંકમાં મંડળી તરીકે લખવામાં આવશે). ના નામે શરૂઆતમાં હંગામી વીજ કનેકશન મળેલ. જેની સામે ફરિયાદીએ તા.૨૩.૬.૧૧ ના રોજ વાંધા અરજી આપેલ. પરંતુ સામાવાળા તરફે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં. ત્યારબાદ તા.૩૦.૪.૧૩ ના રોજ મંડળીમાં હંગામી વીજ કનેકશન બંધ કરવા તથા કાયમી વીજ કનેકશન આપવા સામે વાંધા અરજી આપવામાં આવેલ. પરંતુ તેના સામે કોઇ કાર્યવાહી સામવાળા દ્વારા કરવામાં આવેલ નહીં. ત્યારબાદ તા.૩૧.૧૨.૧૩ ના રોજ હંગામી વીજ કનેકશન બંધ કરવા તેમજ કાયમી વીજ કનકનેકશન નહીં આપવા સામવાળાને નોટીસ આપેલ તેમ છતાં ફરિયાદીની જાણ બહાર નવરાત્રીના સમયગાળા દરમ્યાન મંડળીના સભ્ય સિવાયના ગેરકાયદેસર કુલ પાંચ અજાણી વ્યકિતઓને કાયમી વ્યક્તિગત વીજજોડાણ આપવામાં આવેલ જે વીજજોડાણ તાત્કાલીક અસરથી રદ કરવા અંગે કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

ફરિયાદી સુનવણી દરમ્યાન જાતે હાજર રહયા તેઓને ફોરમ દ્વારા સમજણ આપવામાં આવેલ કે, ફરિયાદી વિવાદ માટે ના ગ્રાહક નથી અને આ ફરિયાદ પબ્લીક ઇન્ટ્રેસ્ટ લીટેગેશન પણ નથી તેથી ફોરમ ફરિયાદી ને સાંભળી શકે નહીં.. ફરિયાદીએ એમજીવીસીએલ અથવા લાગતા વળગતા અધિકારી ને આ વિવાદ બાબતે સંપર્ક કરવો જોઇએ.

સામાવાળા તરફે શ્રી જી.જે.બામણીયા, નાયબ ઇજનેર, ગોધરા ઇસ્ટ ના એ ફોરમ સમક્ષ એવી રજુઆત કરેલ કે, ફરિયાદીઓએ જે ગ્રાહકોને વીજ કનેકશન આપવા સામે વાંધા તથા તકરારો લીધેલ છે તે તમામ ગ્રાહકોને નિયમોનુસાર તમામ દસ્તાવેજોની ચકાસણી કરી વીજ કનેકશન આપેલ છે. તેઓએ તમામ દસ્તાવેજો ફોરમમાં રજુ કરેલ છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા તેઓ દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ની ચસકાણી કરી .સામાવાળાએ વિવાદી વીજકનેકશન તમામ જરુરી દસ્તાવેજ જોઇ ચકાસી નિયમ મુજબ વીજકનેકશન આપેલ છે.

વધુમાં ફરિયાદી ફરીયાદવાળી તકરાર/વિવાદ માટે ગ્રાહકની વ્યાખ્યામાં આવતા નથી તથા ફરિયાદીએ કરેલ ફરિયાદ પબ્લિક ઇન્ટ્રેસ્ટ લીટીગેશન પણ નથી તેથી ફરિયાદીની ફરિયાદ ફોરમની હકુમતમાં આવતી ન હોઇ ફરિયાદ રદ કરવામાં આવે છે. નીચે મુજબ ફાઇનલ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી પ્રવીણભાઈ હીરાભાઇ પરમાર ને હુકમ કરવામાં આવે છે કે ગ્રાહક તકરાર નિવારણ અધિનિયમ ફોરમ એન્ડ ઓમ્બુશમેન્ટ -૨૦૧૧ નોટીફીકેશન નં.૨- ૨૦૧૧ કલમ .૧.૫(સી)મુજબ ફરિયાદ અત્રેના ફોરમની હકુમતમાં આવતી ન હોઇ, ફરિયાદ રદ કરવામાં આવે છે.

MGVCL
An ISO 9001:2008 Certified Company

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. ૧૦૮/-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી ડાહયાભાઈ માવાભાઇ પરમાર,
૭૩,નવદીપ હાઉસીંગ સોસાયટી,કોલેજ રોડ, કપડવંજ.

રજુઆત કરનાર: અરજદાર : શ્રી ડાહયાભાઈ માવાભાઇ પરમાર,
શ્રી ગુણવંતભાઈ હીરાભાઇ પરમાર,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કપડવંજ(આરઇસી).

રજુઆત કરનાર: શ્રી આર.એમ.પટેલ,નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ(આરઇસી).સબ ડીવીઝન કચેરી.

ફરિયાદીની તા ૨૮.૧.૨૦૧૫ ની ડાર્કઝોન યોજના અંતર્ગત ખેતીવિષયક વીજકનેકશન મેળવવા માટેની અરજી.

તા ૬.૨.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે તેઓ જાતે તથા શ્રી ગુણવંતભાઈ હીરાભાઇ પરમાર, તે હીરાભાઇ એમ.પરમાર ના પુત્ર સાથે હાજર રહયા. સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, કપડવંજ (આરઇસી).સબ ડીવીઝન ના હાજર રહયા.

ફરિયાદીની ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટેની અરજી.
ફરીયાદ ની ફરીયાદ ની ટુંકમાં વિગત એવી છે કેઃ

ફરીયાદી એસસી/બક્ષીપંચ ના ખેડૂત છે. ખેતીમાં ઘણો ખર્ચ થાય છે પણ આવક થતી નથી રાત્રે પશુ વગેરે નુકશાન કરે છે પૈસાની આવક થતી નથી. સુક્ષ્મ પિયત પદ્ધતિ હોય તો વધુ ખર્ચ કરી વાડ વગેરે કરી ધાર્યું ઉત્પાદન કરી શકાય. ફરીયાદીની આર્થિક સ્થિતી નબળી છે તે ધ્યાને લઇ તેઓને ૯૦% સબસીડી ના સ્કીમમાં લાભ આપી વીજ કનેકશન આપવા વિનંતી છે.

ફરીયાદી તરકે તેઓએ જાતે હાજર રહી જણાવ્યું કે અમો ગરીબ બક્ષીપંચ ના ખેડુત છીએ. અમોને ૯૦% સબસીડી ની સ્કીમ માં વીજકનેકશન અપાવવા મહેરબાની થશે.

સામાવાળા તરફે શ્રી આર.એમ.પટેલ, નાયબ ઇજનેર, કપડવંજ (આરઇસી).સબ ડીવીઝન કચેરી ના હાજર રહયા. તેઓએ જણાવ્યું કે ફરીયાદીએ તેઓના ગામ કપડવંજ મુકામે રે.સર્વે નં.૧૦૮૧/૫ માટે વીજકનેકશનની માંગણી MR NO. ૦૬૮૭૩૧/૧૨.૭.૧૯૯૬ થી કરેલ. તેઓના જીપી નં.વર્ષ ૩૨/૧૯૯૬ હતો. તા.૭.૧૦.૨૦૧૩ ના રોજ સર્વે કરવામાં આવેલ. જેમાં બધુ બરાબર જણાયેલ. તેથી KPJ/ 3432 તા.૬.૮.૧૨ ના રોજ કેસ પેપર્સ જીજીઆરસી ને મોકલેલ. જીજીઆરસી નો રજી નં.કેએચ-૪૨૫૧ હતો. ગુજરાત ગ્રીડ રીવોલ્યુશન દ્વારા ૧૮૦ દિવસની ટાઇમ લીમીટ આપવામાં આવેલ. પરંતુ અરજદારે ૧૮૦ દિવસ દરમ્યાન એમ.આઇ.એસ/ડ્રીપ ઇરિગેશન માટે કોઇ કાર્યવાહી કરેલ નહીં. તેથી જીજીઆરસી દ્વારા ઓટો કેન્સલમાં ફરીયાદ ની અરજી પત્ર ક્રમાંક નં. KRC /૧૨૮ થી તા.૪.૧.૧૪ ના રોજ રદ કરવામાં આવેલ.

ત્યારબાદ કપડવંજ સબડીવીઝન મારફત ફરીયાદીને ૭ દિવસની નોટીસ પત્ર ક્રમાંક નં. KPJ 100 થી તા.૧૧.૩.૧૪ ના રોજ આપવામાં આવેલ. ફરીયાદીએ તા.૧૮.૩.૧૪ ના રોજ નો પત્ર લખી એમઆઇએસ કરવા સહમતી દર્શાવેલ. જેથી ફરીયાદીની અરજી ફરીથી તા.૩૧.૨૦૧૪ ના રોજ જીજીઆરસી ને મોકલવામાં આવેલ જેનો પત્ર ક્રમાંક નં. ૧૮૬૮ હતો. પરંતુ ફરીયાદી તરફે એમઆઇએસ કરવાની કોઇ કાર્યવાહી કરવામા આવેલ નહીં જેથી ક્રમાંક નં. ૪૨૯૩ તા.૨૬.૧૨.૧૪ ના રોજ અરજી રદ કરવામાં આવેલ જે પત્ર ફરીયાદીને આરપીએડી મોકલવામાં આવેલ તેની રસીદ સામાવાળા તરફે ફોરમમાં રજુ કરવામાં આવેલ છે.

સુનવણી દરમ્યાન ફોરમના સભ્યો ચકાસણી હાજર રહયા બન્ને પક્ષકારો ને સાંભળ્યા તથા બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ની ચકાસણી કરી. બન્ને પક્ષકારોને સાંભળી અને રજુ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરી ફોરમના સભ્યો એ નિર્ણય ઉપર આવ્યા કે ફરીયાદી ને નિયમ મુજબ ડાર્કઝોન યોજના અંતર્ગત વીજજોડાણ મળે તે માટે તેઓએ એમઆઇએસ અપનાવવા સંમતી આપેલ હોવા છતાં તેઓને જીજીઆરસી દ્વારા આપવામાં આવેલ મુદતમાં એમઆઇએસ માટે કોઇ કાર્યવાહી ન કરેલ હોવાથી તેઓની અરજી જીજીઆરસી મારફત રદ કરવામાં આવેલ. તેમ છતાં તેઓને એક વધુ તક આપવાના ભાગરૂપે ફરીથી નોટીસ આપવામાં આવેલ. જેમાં ફરીયાદીએ સંમતી આપેલ ત્યારબાદ પણ છ માસનો સમય વીતવા છતા ફરીયાદી એ એમઆઇએસ માટે કોઇ કાર્યવાહી કરેલ ન હોવાથી સામાવાળા એમજીવીસીએલ ના એ ફરીયાદી ની અરજ રદ કરેલ છે, જેથી એમ કહી શકાય કે અરજદારને જીજીઆરસી ની પ્રક્રિયા પૂર્ણ કરવા બે વખત તક આપવામાં આવી પરંતુ તેમાં તેઓએ યોગ્ય રીતે પાલન કરેલ નહીં.

<u>હુકમ</u>

ફરિયાદી શ્રી ડાહયાભાઈ માવાભાઇ વણકર, રહે.વડાલી, કપડવંજ ના ને હુકમ કરવામાં આવે છે કે એમજીવીસીએલ ના એ તેઓના ડાર્કઝોન યોજના અંતર્ગત ખેતીવાડી વીજજોડાણ મેળવવાની અરજી બાબતે અરજ રદ કરવાનો કરેલ નિર્ણય યોગ્ય અને બરાબર છે.

MGVCL
An ISO 9001:2008 Certified Company

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. IV-૧૧૪-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી કાન્તિભાઈ અંબાલાલ બારીયા,
મુ.રતનપુર(ક),તા.સંખેડા,જી.છોટાઉદેપુર

રજુઆત કરનાર: અરજદાર પોતે બારીયા કાન્તિભાઈ અંબાલાલ,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સંખેડા

રજુઆત કરનાર: શ્રી વી.એન.રાઠવા,

ફરિયાદીની તા ૧૯.૨.૨૦૧૫ ના રોજ ના એલએસ નં.૨૦૯ પૈકી ૧ માં ખેતીવાડી વીજજોડાણ મોળવવા માટેની અરજી.

ફરિયાદીની તા ૨૭.૨.૨૦૧૫ ના રોજ ની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી જેમા ફરિયાદી તરફે તેઓ જાતે તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી વી.એન.રાઠવા,,(નાયબ ઇજનેર, સંખેડા) ના એ ફોરમ સમક્ષ હાજર રહી રજુઆત કરી. .

ફરિયાદીની ફરીયાદ ની ટુંકમાં વિગત એવી છે કેઃ

તેઓની સંયુકત માલિકી અને કબજા ભોગવટાની જમીન મોજે ગામ.રતનપુર(ક) માં સર્વે નં.૨૦૯ પૈકી ૧ ની આવેલ છે. સદર જમીનમાં અંબાલાલ દેસાઇભાઇ બારીયા મૈયત થયેલ છે. તેઓના વારસદારો અરજદાર, છીતીબેન,રંઇબેન,જશીબેન,કાંતિભાઇ તથા ભાઇલાલભાઇ તથા બચુભાઇના નામે ચાલતી હતી. અરજદાર સદર સર્વે નં.૨૦૯ પૈકી ૧ માં વીજકનેકશન મેળવવા માટે અરજી કરેલ. અરજી સમયે અંબાલાલભાઇ દેસાઇભાઇ ના વારસદારો તથા બચુભાઇ દેસાઇભાઇ નાઓએ તા.૪.૫.૧૪ ના રોજ નોટરી રૂબરુની કરાવેલ સંમતીપત્ર આપેલ. અરજી કર્યા બાદ બચુભાઇ દેસાઇભાઇ બારીયા મૈયત થયેલ છે. તેઓના વારસદાર ધનીબેન, લીલાબેન, ભરતભાઇ બચુભાઇ નાઓ અરજદારને વીજકનેકશન આપવા માટે વાંધો લીધેલ છે પરંતુ આ વાંધો ચાલી શકે નહીં કારણકે બચુભાઇ દેસાઇભાઇ બારીયા જીવીત હતા ત્યારે ફરીયાદી ને વીજ કનેકશન આપવા માટે નીટરી સંમતી આપેલ. જેથી ફરીયાદીએ તે સંમતીપત્રના આધારે વીજ કનેકશન આપવા માંગણી કરેલ છે.

ફરિયાદી તરફે તેઓ જાતે એ ફોરમ સમક્ષ હાજર રહી રજણાવ્યું કે, અમોને રે.સ.નં.૨૦૯ પૈકી ૧ મોજે.રતનપુર(ક) તા.સંખેડા,જી.છોટાઉદેપુર માં ખેતીવિષયક વીજજોડાણ જોઇએ છે જેના માટેની તમામ કાર્યવાહી કરી અમોએ સંખેડા ઓફીસમાં સુપ્રત કરેલ છે. તમામ સહ માલીકોના સંમતીપત્ર પણ રજુ કરેલ છે. તેમ છતાં મને વીજકનેકશન મળેલ નથી.

સામાવાળા તરફે શ્રી વી.એન.રાઠવા, નાયબ ઇજનેર, સંખેડા ના ઓએ હાજર રહી એવી રજુઆત કરેલ કે, અરજદારની વીજજોડાણ મેળવવાની અરજી બાબતે સર્વે હાથ ધરવામાં આવેલ. સર્વે દરમ્યાન અને ત્યારબાદ

અમારી ઓફીસે આવીને અરજદારનાં જમીનના સહમાલીકો પૈકી લક્ષ્મણભાઇ બચુભાઇ બારીયાએ લેખિતમાંઅરજદારને વીજ કનેકશન આપવા સામે વાંધો નોંધાવેલ. બચુભાઇ બારીયા ના ગુજરી જવાથી તેઓના વારસદારો સદર જમીનમાં સહમાલીક બનેલા જેની નોંધ પ્રમાણિત થયેલ છે. એમજીવીસીએલના પ્રવર્તમાન નિયમોનુસાર જયારે પણ અરજદારનો નંબર આવે ત્યારે નવીન તાજા જે તે સર્વે નં. ૭/૧૨ ૮ સી ના ઉતારા મંગાવવામાં આવે છે. જેથી જમીનના માલીક અંગે ખરાઇ નકકી કરી શકાય. નવીન ૭/૧૨ ના ઉતારા મુજબ બચુભાઇ બારીયાના વારસદારો સદર જમીનના સહભાગીદાર નોંધના બનેલ છે.

સુનવણી દરમ્યાન અરજદારને સમજ આપવામાં આવી કે તેઓએ બચુભાઇ બારીયાના વારસદારો જે હાલમાં જમીન ના ભાગીદાર છે તેઓની સંમતિ મેળવેથી વીજજોડાણ મળી શકે તેમ છે. ત્યારે અરજદારે જણાવેલ કે મને બે ચાર મહીનાની મુદ્દત આપો હું તમામ સહમાલીકોની સંમતી મેળવીને સામાવાળા ઓફીસમાં રજુ કરીશ. હાલમાં મારી અરજી રદ કરવામાં ના આવે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા. તેમજ રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ની ચકાસણી કરી. અરજદારે તેઓના સર્વે નં. ૨૦૯ પૈકીમાં વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ ત્યારે તમામ સહમાલીકોના સંમતીપત્ર નોટરી રૂબરુ સહી કરેલા રજુ કરેલ. પરંતુ ત્યારબાદ સહમાલીકો પૈકી બચુભાઇ બારીયા ગુજરી જવાથી તેઓના વારસો વારસાઇ હકકે સદર જમીનમાં સહમાલીક બનેલ. હાલમાં અરજદારની અરજી નો વીજજોડાણ નો નંબર આવતા સામાવાળા જમીનના સર્વે કરવા ગયેલ ત્યારે બચુભાઇ બારીયાના વારસો એ વીજજોડાણ આપવા સામે વાંધો નોંધાવેલ તેમજ તે અંગે સામાવાળાની ઓફીસમાં આવીને પણ તે અંગે રજુઆત કરેલ. વીજજોડાણ મેળવવા માટે તમામ સહમાલીકોની સંમતિ હોવી જરૂરી છે.ફોરમ સમક્ષની સુનવણી દરમ્યાન અરજદારે એવી રજુઆત કરેલ છે કે, જો તેઓને થોડો સમય આપવામાં આવે તો તેઓ બાકીના સહમાલીકોની સંમતી લઇ ને રજુ કરશે.

ફોરમના મંતવ્ય મુજબ અરજદાર ને સહભાગીદારનું સંમતીપત્ર રજુ કરવા માટે ચાર માસનો સમય આપવો તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

સામાવાળા એમજીવીસએલના ને હુકમ કરવામાં આવે છે કે, શ્રી કાન્તિભાઈ અંબાલાલ બારીયા ની વીજજોડાણ મેળવવા માટેની અરજી રદ કરવી નહીં. તેઓને સહમાલીકો ના સંમતીપત્ર મેળવ્યા બાદ ચાર મહીના નો સમય આપવો. ત્યારબાદ રજુ કરેલ દસ્તાવેજ ના આધારે વીજજોડાણ આગળની કાર્યવાહી કરવી..